હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

# ઉદીરય

સળંગ અંક : ૮૨૭, વર્ષ : ૩૫, અંક : ૦૪
૧૬-ફેબ્રુઆરી, ૨૦૨૪

HNGU HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN
Re-Accredited "A" 3.02 CGPA by NAAC

સૌજન્ય : શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ : શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

બધાંને કરી દંડવત્ એ નમે છે, મજા બહુ પડે જિન્સમાં જો રમે છે.
દિવસ, રાત, સાંજે, સવારે ગમે છે, મને મારી ભાષા વધારે ગમે છે.
અનુવાદ, સર્જન, અનુસર્જનો પણ, મમત કોઈ પર નહીં ને મમતાનું સગપણ.
જીવન એક એના સહારે ગમે છે, જમું એને હું ને મને એ જમે છે.
રડું તો એ આવીને છાનોય રાખે, રહે કાને, જીભે અને હોય આંખે.
મનોબળના મક્કમ ઈશારે ગમે છે, તારી ગઈ જે પેઢી હજુ ધમધમે છે.
બળૂકી, નિખાલસ, સહજ, ઔપચારિક, અનુરૂપ સૌને સદા પરિવારિક.
નકારે ગમે છે, હકારે ગમે છે, વગર એના જીવન સતત આથમે છે.
ન ખપશે કદાપિ તમાશા ખુલાસા, જનમથી મરણ સુધી જીવે છે ભાષા.
પરમ પ્રેમના ચિત્રકારે ગમે છે, વિધાતા ને માતા પછીના ક્રમે છે.

(અંકિત ત્રિવેદી)

## આદિવચન

**પ્રિય વાચક મિત્રો,**

૨૧મી ફેબ્રુઆરી વિશ્વ માતૃભાષા દિવસ તરીકે ઉજવાય છે. યુનેસ્કોએ નવેમ્બર ૧૯૯૯માં માતૃભાષા દિવસ ઉજવવાનું નક્કી કર્યું અને વર્ષ ૨૦૦૦થી ફેબ્રુઆરીમાં દર વર્ષે ઉજવવામાં આવે છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય ભાષા અને સંસ્કૃતિની વિવિધતાને સન્માન આપવું તથા બહુભાષાવાદને પ્રોત્સાહન આપવાનો છે. દુનિયામાં ૭૦૦૦ કરતાં વધુ ભાષાઓ બોલાય છે અને તેમાંથી અડધી ભાષા લુપ્ત થવાના આરે છે. લુપ્ત થવાના આરે રહેલી ભાષાના સંરક્ષણ માટે દુનિયાની વિવિધ સંસ્કૃતિ ધરાવતા લોકો વચ્ચે સંવાદ અને જોડાણ બનાવવા તેને સમજવા માટે માતૃભાષા દિવસ ઉજવવામાં આવે છે.

ભાષા એ કોઈપણ દેશની સંસ્કૃતિનો મહત્વનો હિસ્સો છે. ઉત્તર–મધ્ય અને દક્ષિણ અમેરિકા, યુરોપ, આફ્રિકા, એશિયા અને ઓશનિયા ખંડમાં ૨૦૨૨માં એન્ડેજર્ડ લેંગ્વેજીસ પ્રોજેક્ટના ડેટામાં ૨૦૦૦ કરતાં પણ વધુ ભાષાઓ હાલ લુપ્ત થવાના આરે છે. વિશ્વમાં સૌથી વધારે બોલાતી આઠ ભાષાઓમાં સૌપ્રથમ અંગ્રેજી ત્યારબાદ ચીનની મેન્ડેરિન, આપણી રાષ્ટ્રભાષા હિન્દી ત્રીજા ક્રમે અને ક્રમશઃ સ્પેનિશ, ફ્રેન્ચ, અરબી, બંગાળી તેમજ રશિયન ભાષા બોલાય છે.

માતૃભાષાને ભૂલી જવી એ તો માતાને ભૂલી જવા બરાબર છે. માતૃભાષા આપણી રગેરગમાં, ગળથૂથીમાં મળેલી ભાષા છે. ગુજરાત દરેક ભાષાનું ગૌરવ કરે છે. ગુજરાતી આપણી ભાષા છે. ગુજરાતી ભાષા વૈભવથી છલકાતી ભાષા છે. ગુજરાતી લખતા ન આવડે તેવી પેઢી પણ ગુજરાતી સાંભળે છે– બોલે છે. અન્ય કોઈપણ ભાષામાં પ્રગતિ થઈ શકે પરંતુ બીજી ભાષા શીખવા માટે માતૃભાષા શીખવી જરૂરી છે. રાય બહાદુર ધ્રુવે ગુજરાતી ભાષાના ઉદ્‌ભવની શરૂઆત ૧૧મી સદીમાં થઈ હોવાનું ગણાવ્યું છે. ત્યારથી લઈને આજ સુધી ગુજરાતી ભાષાના મુખ્યત્વે ૩ તબક્કા જોવા મળે છે. અપભ્રંશ યુગ, જૂની ગુજરાતી અને હાલની આધુનિક – અર્વાચીન ગુજરાતી. ગુજરાતી ભાષાનો વિકાસ સંસ્કૃતમાંથી થયો છે. વૈદિક સંસ્કૃત લૌકિક સંસ્કૃત અને પ્રાકૃત એમ બે વિભાગમાં વહેંચાયેલું છે. પ્રાકૃત સંસ્કૃતમાંથી અપભ્રંશ થઈ ગુજરાતી અને રાજસ્થાની ભાષાનો ઉદ્‌ભવ થયો. ગુજરાતી ભાષાનો પહેલો કોશ નર્મકોશ ૧૮૭૩માં કવિ નર્મદા શંકરે આઠ વર્ષ સુધી તન, મન, અને ધનથી અથાક પરિશ્રમે તૈયાર કર્યો. 'નર્મકોશ' પ્રકાશિત થયાના ૨૨ વર્ષ બાદ એટલે કે ૧૮૯૫ના વર્ષમાં ગુજરાતી ભાષાનો બીજો શબ્દકોશ 'ગુજરાતી શબ્દાર્થ સંગ્રહ' પ્રકાશિત થયો.

માતૃભાષા આપણું સ્વાભિમાન છે. એક સંશોધન અનુસાર માતૃભાષા પર ઉત્કૃષ્ટ પકડ હોય તો અન્ય ભાષાઓ પણ આપણને સરળતાથી આવડે છે. સાહિત્ય અકાદમી, સાહિત્ય પરિષદ, વિશ્વકોશ, વિદ્યાપીઠ, માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન, માતૃભાષા અભિયાન અને અન્ય સંસ્થાઓ ખૂબ જ સક્રિયતાથી ભાષા સેવા કરી રહ્યા છે. ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા મુંબઈ અને ગુજરાતની ૧૬૧ શૈક્ષણિક, સામાજિક અને સાંસ્કૃતિક સંસ્થાઓ સાથે જોડાઈને ઉત્તમ સર્જકો, વકતાઓ, ગાયકો, પત્રકારો સૌ ભેગા મળીને માતૃભાષા નિમિત્તે સંગોષ્ઠિ કરશે. માતૃભાષા દિવસે તો ભાવવિભોર થઈ જવાય કારણકે નર્મદ કાનમાં આવીને 'જય જય ગરવી ગુજરાત' ગાય છે અને ઉમાશંકર કાનમાં આવીને સંભળાવે છે ''સદા સૌમ્ય સી વૈભવે ઊભરાતી, મળી માતૃભાષા મને ગુજરાતી.''

તા. ૧૬-૦૨-૨૦૨૪
પાટણ.

ડૉ. આર. એન. દેસાઈ
કા. કુલપતિ

# કોલેજ ન્યુઝ

## અભિયાન



શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કૉલેજ, મહેસાણામાં ગુજરાત રાજ્ય યોગબોર્ડ ગાંધીનગર દ્વારા નાગરિકોને નિરોગી બનાવના નવતર અભિયાન સાથે રાજ્ય વ્યાપી સૂર્ય નમસ્કાર મહાઅભિયાનની શરૂઆત કરવામાં આવી. તે અંતર્ગત તા.૨૧-૧૨-૨૦૨૩ના રોજ કૉલેજની વિદ્યાર્થિનીઓએ સૂર્ય નમસ્કાર કર્યા. કૉલેજની સ્પોર્ટ કમિટીમાં પ્રિ.ડૉ.સુનીતાબેન સુપહિયા, ડૉ. અશોક તડવી, ડૉ. હરેશ ગોળે માર્ગદર્શન આપ્યું. ડૉ.નરેન્દ્ર પટેલે વિદ્યાર્થિનીઓને યોગા અભ્યાસ કરાવ્યો હતો.

## ઉજવણી



શ્રીમતિ કે.કે.શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતિ એલ.બી. ગુંજારીયા કોમર્સ કૉલેજ, થરાના સંયુકત ઉપક્રમે રાષ્ટ્રીય સેવા યોજના દિવસની ઉજવણી તા ૨૪.૦૯.૨૦૨૩ ના રોજ એન.એસ.એસ વિભાગ હેમ.ઉ.ગુ.યુનિ, પાટણ કાર્યકારી પ્રોગ્રામ કો ઓર્ડિનેટર શ્રી લેફ્ટ ડૉ. જય વાય. ત્રિવેદીના અધ્યક્ષ સ્થાને કરવામાં આવી કાર્યક્રમના પ્રારંભે કોલેજના પ્રિ. ડૉ. ડી.એસ. ચારણ દ્વારા ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છ, મોમેન્ટો અર્પણ કરી યુનિ.ની વિવિધ કોલેજોમાંથી પધારેલ વોલિયેન્ટરોને આવકારી રાષ્ટ્ર નિર્માણના ઘડતરમાં યુવાનોનો જે સિંહફાળો રહેલો છે તે વિશેની વિશદ છણાવટ કરી યુવાનો રાષ્ટ્રના વિકાસમાં સહભાગી થઇ સમાજોપયોગી સેવામાં કાર્યરત રહેવા આહવાન કરેલ. ડૉ. જય ત્રિવેદીએ પોતાના અધ્યક્ષીય પ્રવચનમાં યુવાનો દ્વારા સમાજમાં જન જાગૃતિ લાવવા ચારિત્ર્ય ઘડતર સ્વચ્છ ભારત, જળ સંસાધન, પર્યાવરણનું જતન અને સમાજ કલ્યાણના ઉત્કર્ષ માટેની ઉત્કૃષ્ટ કામગીરીની હાકલ કરવા માહિતીસભર વ્યાખ્યાન આપેલ. એન.એસ.એસ સ્વયંસેવકોએ વિવધ સ્પર્ધાઓ, વકતૃત્વ નિબંધ, રંગોળી, એકપાત્રીય અભિનય શીઘ્ર કાવ્યલેખન માં ઉમળકાભેર ભાગ લઈ પ્રથમ દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા બની પોતાની કોલેજનું નામ રોશન કરેલ. કોલેજના પ્રિ. ડૉ. ડી.એસ. ચારણ દ્વારા વિજેતા સ્પર્ધકોને બિરદાવવામાં આવેલ.

## એડવેન્ચર કેમ્પ

ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા, મીનીસ્ટ્રી ઓફ યુથ અફેર્સ એન્ડ સ્પોટ્ર્સ, એન. એસ.એસ. રીજીયોનલ ડીરેકટૉરેટ, અમદાવાદ દ્વારા અટલ બિહારી વાજપેયી ઈન્સ્ટિટ્યૂટ ઑફ માઉન્ટેનિયરિંગ એન્ડ અલાઇડ સ્પોટ્ર્સ, પોંગડોમ, હિમાચલ પ્રદેશ ખાતે આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે તા. ૮ થી તા. ૧૭ ડિસેમ્બર, ૨૦૨૩ દરમ્યાન એન.એસ.એસ. એડવેન્ચર કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. એડવેન્ચર કેમ્પમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ તથા ગુજરાતની અન્ય ત્રણ યુનિવર્સિટી તેમજ કર્ણાટકની બે યુનિર્સિટીના કુલ ૫૦ વિદ્યાર્થીઓ દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. આ કેમ્પમાં – મુખ્યત્વે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ સંલગ્ન જુદીજુદી કૉલેજમાંથી કુલ ૧૦ વિદ્યાર્થીઓ તેમજ એન.એસ.એસ કો. ઓડિનેટર તરીકે નોર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઈ સંચાલિત શ્રીમતી ટી. એસ. આર. કોમર્સ કોલેજ, પાટણ ના એન. એસ. એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રો.. લાખનસિંહ આર. ઠાકોર દ્વારા પ્રતિનિધિત્વ કરી રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લીધો હતો. આ કેમ્પનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને વોટર સ્પોટ્ર્સ ટ્રેનીંગ જેવી સાહસિક પ્રવૃત્તિઓથી વ્યવહારુ અને સૈદ્ધાંતિક જાણકારી આપવાનો હતો જેથી તેઓના જીવનમાં સાહસિકતા કેળવાય.

## એન.એસ.એસ.




✻ શ્રીમતી આર.એમ. પ્રજાપતિ આર્ટ્સ કૉલેજ, સતલાસણાના એન.એસ.એસ.યુનિટ અને સતલાસણા ગ્રામ પંચાયત તથા તાલુકાની ગ્રામ પંચાયતો અને સંસ્થાઓ દ્વારા 'મેરી મીટ્ટી મેરા દેશ' અંતર્ગત કળશયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય સરદારભાઇ ચૌધરી અને અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. અમૃત કળશ લઇને અર્બુદાધામથી પ્રજાપતિ વાડી સુધી યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓ અને અધ્યાપકશ્રીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

✻ મણિબેન એમ. પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડીના એન.એસ.એસ. વિભાગ દ્વારા દત્તક ગામ વિસલપુરમાં અશોક સંસ્કાર મંદિર દ્વારા આપવામાં આવેલ ટેન્ટમાં શિક્ષણ સાથે સંસ્કાર



સિંચન થઈ રહ્યું છે, જેમાં તા.૨૭–૧૦–૨૩ ના રોજ મોરારીભાઈ અગ્રવાલ (અમદાવાદ)ના જન્મ દિવસ નિમિત્તે તેમના તરફથી ૧૨૭ બાળકોને ભોજન કરાવવામાં આવ્યું હતું. કૉલેજના પ્રિ. ડૉ. હિનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર પ્રા. હરસુખ પરમાર અને પ્રા. ધર્મેન્દ્ર ચૌધરીના સંચાલન દ્વારા સફળ રહ્યો.

## કાર્યક્રમ



✲ મણિબેન એમ. પી. શાહ મહિલા આટ્ર્સ કૉલેજ, કડીની ૩૫ છાત્રાઓએ, વિકાસ વર્તુળ ટ્રસ્ટ, ભાવનગર દ્વારા યોજાયેલ સામાન્ય જ્ઞાન બુદ્ધિ કસોટીમાં ભાગ લીધો હતો. આ પરીક્ષામાં GPSC, UPSC, TAT, TET, તલાટી, મામલતદાર, વર્ગ–૨ વગેરેની પરીક્ષામાં પૂછાતા સામાન્યજ્ઞાનના પ્રશ્નો પૂછાયા હતા. આચાર્યા હિનાબેન પટેલના માર્ગદર્શનથી જ્ઞાનધારા અંતર્ગત આ પરીક્ષા લેવાઈ હતી. દરેક છાત્રાને પ્રમાણપત્ર તથા વિજેતા થનાર છાત્રાઓને રોકડ પુરસ્કાર કૉલેજ તથા વિકાસવર્તુળ ટ્રસ્ટ તરફથી આપવામાં અપાશે, એમ જ્ઞાનધારાના સંયોજક પરીક્ષા સંયોજક ડો. મનસુખ પટોલિયાએ જણાવ્યું હતું.



✲ મહિલા આર્ટસ કૉલેજ વિદ્યાનગરી, હિંમતનગર ખાતે ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ, એન.એસ.એસ. યુનિટ, કલા કૌશલ્ય ધારા અને

સાબરકાંઠા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત મંદ બુદ્ધિ વિકલાંગ સંસ્થા એ હિંમતનગરના સંયુક્ત ઉપક્રમે તા. ૫–૧૦–૨૦૨૩ ના રોજ ‘ દીપ સે દીપ જલે’ કાર્યક્રમ પ્રિ.ડૉ. કનૈયાલાલ એલ. પટેલના અધ્યક્ષ પદે યોજાયો હતો. જેમાં દિવ્યાંગ બાળકોની કલાને બિરદાવી, આવેલ સૌ શિક્ષક મિત્રોને આવકારી શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત મંદ બુદ્ધિ વિકલાંગ સંસ્થાના દિવ્યાંગ બાળકોએ તૈયાર કરેલ ડેકોરેટિવ દીવડાનું નિદર્શન, પ્રદર્શન અને વિતરણ કાર્યક્રમ યોજાયો. મંદ બુદ્ધિ વિકલાંગ સંસ્થાના શૈલેષભાઈ, રોનકબેન તેમજ સ્ટાફ મિત્રોએ ઉપસ્થિત રહી દિવ્યાંગ બાળકોની વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓનો ચિતાર આપ્યો હતો. સાથોસાથ એ કૃતિઓ ખરીદી એમને પ્રોત્સાહિત કરવા માટે આહ્વાન કર્યું હતું. આ પ્રસંગને દીપાવવા ડૉ. રીટાબેન જોશી, ડૉ. દીક્ષાબેન સાવલા, ડૉ. કુસુમબેન ગાવીતે સુંદર સહયોગ પૂરો પાડયો હતો. કાર્યક્રમનું સુંદર સફળ સંચાલન પ્રો. ડૉ. અરવિંદ એસ. પટેલ અને આભારવિધિ ડૉ. પી. એચ. પટેલે કરી હતી.

## કોન્ફરન્સ



અમદાવાદમાં તાજેતરમાં ઈનોવેશન કોન્ફરન્સનું આયોજન થયું હતું જેમાં ગ્રોમોર બી.બી.એ. કૉલેજ, હિંમતનગરના છાત્રોએ બે ટીમમાં ભાગ લઈ પોતાના મૌલિક વિચારો રજૂ કરી કોન્ફરન્સમાં સૌનું ધ્યાન ખેંચ્યું હતું. સંસ્થાના ટ્રસ્ટી ડૉ. બી.એલ.પટેલ, સેન્ટર હેડ ડૉ. ભરત સુથારના માર્ગદર્શન હેઠળ બી.બી.એ. વિભાગના એચ.ઓ.ડી. લલીત ચોપડા દ્વારા માર્ગદર્શન અપાયું હતું.

## ગીતા જયંતી



✲ મહિલા આર્ટસ કૉલેજ વિદ્યાનગરી, હિંમતનગર ખાતે તા. ૨૨–૧૨–૨૦૨૩ના રોજ સંસ્કૃત વિભાગના ઉપક્રમે કોલેજના પ્રિ. ડૉ. કનૈયાલાલ પટેલના માર્ગદર્શન અને પ્રેરણાથી ‘ગીતા જયંતી પર્વ’ની ઉજવણી કરવામાં આવી. જેમાં સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. રીટાબેન જોશી એ શ્રીમદ્ ભગવદ્ ગીતાનું મહાત્મ સમજાવી, માર્ગદર્શન આપ્યું હતું. ડૉ. દીક્ષા સાવલાએ શ્રીમદ્ ભગવત ગીતાના

ઉદ્ભવની વિગતે વાત કરી હતી. મોટી સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થીનીઓ અને કૉલેજના સૌ સ્ટાફ મિત્રોના સહકારથી કાર્યક્રમ સફળ રહ્યો હતો. મંડળના પ્રમુખ ડૉ. ડી. એલ. પટેલ અને ટ્રસ્ટી મહેન્દ્રભાઈ પટેલે કાર્યક્રમના આયોજન બદલ સૌને અભિનંદન પાઠવ્યા હતા.

✲ શ્રી અને શ્રીમતી પી.કે.કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણના સંસ્કૃત વિભાગ દ્વારા તા.૨૨-૧૨-૨૦૨૨ ના રોજ 'ગીતા જયંતિ'ની ઉજવણી કરવામાં આવી. જેમાં ૧૮ વિદ્યાર્થીઓએ ભાગ લઇ ભગવદ્ ગીતામાં ઉપદેશેલી જીવનકલા, ભગવદ્ ગીતાના શ્લોકોનું ગાન, ભગવદ્ ગીતાનું મહત્ત્વ, કર્મયોગ, ભક્તિયોગ, જ્ઞાનયોગ, ભગવદ્ ભક્તના લક્ષણો વગેરે વિષયો પર પોતાન વિચારો વ્યક્ત કર્યાં. આ પ્રસંગે કોલેજના આચાર્યશ્રી ડૉ. કે.ડી. વૈષ્ણવે પ્રાસંગિક ઉદ્બોધન કરી ભગવદ્ ગીતાનું જીવનમાં મહત્ત્વ સમજાવ્યું. સંસ્કૃત વિભાગના અધ્યાપકોએ ભગવદ્ ગીતા પર પોતાના વિચારો વ્યક્ત કર્યાં. આ ઉજવણીમાં બી.એ. થી એમ.એ સુધીના ૬૫ વિદ્યાર્થીઓએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો.



✲ મણિબેન એમ. પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડીના સંસ્કૃત વિભાગ તરફથી તા. ૨૩-૧૨-૨૦૨૩ના રોજ 'ગીતા જયંતિ'નો કાર્યક્રમ યોજાઇ ગયો. કાર્યક્રમની શરૂઆત ગીતાજીના મહાત્મ્યને વ્યક્ત કરતી પ્રાર્થનાગાન સાથે થઈ. 'ભગવદ્ગીતાનું જીવનમાં મહત્ત્વ' વિષય પર કૉલેજના નિવૃત્ત અધ્યાપિકા ડૉ. વંદનાબેન ઠક્કરે સુંદર વક્તવ્ય આપ્યું. કોલેજની ૭ વિદ્યાર્થીની બહેનોએ ભગવદ્ગીતાના શ્લોકનું ગાયન અને ગીતાજી વિશે પોતાના વિચારો વ્યક્ત કર્યા. સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન કૉલેજના અધ્યાપિકા ડૉ. વર્ષાબેન બ્રહ્મભટ્ટે કર્યું. કૉલેજના આચાર્ય ડૉ. હિનાબેન પટેલના સુંદર માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ સંપન્ન થયો.

## ગૌરવ



શ્રી. બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટસ એન્ડ એમ. એચ. ગુરુ કોમર્સ કૉલેજ, ઊંઝાની વિદ્યાર્થિની તા. ૨૮-૧૦-૨૦૨૩ના રોજ પટેલ ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા આયોજિત ટેલેન્ટ હન્ટ કાર્યક્રમમાં સોલો ડાન્સમાં પુરોહિત કવિતા પ્રથમ ક્રમે વિજેતા બની ટ્રોફી અને રૂપિયા ૨૧૦૦/- રોકડ ઈનામ પ્રાપ્ત કરી કૉલેજનું ગૌરવ વધારેલ છે. કૉલેજના આચાર્યશ્રી ડૉ. રાકેશ રાવ, કૉલેજ પરિવારે તેમજ કલ્ચરલ કમિટી દ્વારા કૉલેજનું ગૌરવ વધારવા બદલ વિદ્યાર્થીનીને અભિનંદન પાઠવ્યા હતા.

## જાગૃતિ



સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, પોશીના ખાતે સપ્તધારા અંતર્ગત તા.૧૮/૧૦/૨૦૨૩ બુધવારના રોજ 'નશામુક્ત ભારત અને કુરિવાજ નિવારણ' જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સમાજ સુરક્ષા કચેરી હિંમતનગરમાંથી શ્રી કે.પી.પટેલ ઉપસ્થિત રહ્યા હતાં. જેમણે વિદ્યાર્થીઓને 'નશામુક્ત ભારત' અને સમાજમાં પ્રવર્તતા કુરિવાજ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. આ ઊપરાંત બાળકોને લગતી વિવિધ કલમો અને જોગવાઇઓ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓને 'બાળ વિવાહ મુક્ત ભારત' અંતર્ગત શપથ લેવડાવવામાં આવ્યા હતાં. આ કાર્યક્રમમાં કૉલેજના કુલ ૫૬ વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ કાર્યક્રમનું સંચાલન સંસ્થાના આચાર્યશ્રી ડૉ.જયશ્રી પી.જોષીના માર્ગદર્શન હેઠળ સપ્તધારા કો-ઓર્ડિનેટર ડૉ. જીમ્મીકુમાર પી. પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

## જોબ પ્લેસમેન્ટ



શ્રી કે.આર. કટારા આર્ટ્સ કૉલેજ, શામળાજીમાં આઇ.સી.આઈ. સી.આઇ. અને 'નીટ' ફેડરેશન દ્વારા જોબ પ્લેસમેન્ટ યોજાયો. જે અંતર્ગત બેન્કવતી સદામ મોહને સમગ્ર વ્યવસાયનો અનેક દ્રષ્ટિકોણથી ઉચિત માર્ગદર્શન આપેલ. પ્રિ.ડૉ. એ.કે.પટેલના માર્ગદર્શન નીચે 'ઉદીશા' ના ડૉ. સંજય પંડ્યાએ કાર્યક્રમનું આયોજન કરેલ અને આભાર દર્શન ડૉ. ઉર્વશીબહેન પટેલે કર્યું હતું. આ ઉપક્રમમાં વિદ્યાર્થીઓએ રસપૂર્વક હિસ્સો લીધો હતો. મંત્રીશ્રી દિલીપભાઈ કટારાએ વિદ્યાર્થીઓ અને ઉદિશાને ધન્યવાદ આપી સ્વકીય પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

## પરીક્ષા

શ્રી કે.આર. કટારા આર્ટસ કૉલેજ, શામળાજી અને વિકાસ વર્તુળ ટ્રસ્ટ, ભાવનગરના સંયુક્ત ઉપક્રમે દર વર્ષની જેમ આ વર્ષે પણ જનરલ નોલેજની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત



રહી પરીક્ષા આપી હતી. પરીક્ષા આપનાર તમામ વિદ્યાર્થી ઓને મંડળના મંત્રી દિલીપભાઈ કટારા તેમજ કૉલેજના પ્રિ.ડૉ. અજયભાઈ પટેલે હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. સમગ્ર પરીક્ષાનું આયોજન કોલેજના સ્ટાફ મિત્રો સાથે મળીને ડૉ. વસંત ગાંવિતે કર્યું હતું.



❊ શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કોલેજ, મહેસાણાના સંસ્કૃત વિભાગ દ્વારા સંસ્કૃતભારતી દિલ્હી, ગુજરાત પ્રદેશ દ્વારા લેવાતી સંસ્કૃત ગૌરવ પરીક્ષા તા. ૯–૧૨–૨૦૨૩ ના રોજ લેવાઈ. જેમાં સંસ્કૃત વિષયમાં રસ ધરાવતી ૨૨૨ જેટલી વિદ્યાર્થીનીઓએ પ્રવેશક, પ્રદિપિકા, પ્રમોદિકા, પ્રવાહીકા જેવી પરીક્ષાઓ આપી. સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડો. નગીનભાઈ પટેલ તથા ડૉ. રમણભાઈ સોલંકી એ વિદ્યાર્થીનીઓને આ અંગે માર્ગદર્શન પુરું પાડ્યું. કૉલેજના પ્રિ.ડૉ.સુનીતાબેન સુપહીયાએ અભિનંદન પાઠવ્યા.પરીક્ષાનું સંચાલન સંયોજક ડૉ. નરેન્દ્ર પટેલે કર્યું.

## પ્રવાસ



શ્રી બી.પી.બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ.એચ.ગુરુ કોમર્સ કૉલેજ, ઊંઝા અને ગુજરાત ટૂરિઝમ વિભાગના યુવા કલબના સહયોગથી તા. ૧૮–૧૦–૨૦૨૩ના રોજ નડાબેટ એક દિવસીય શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો. જેમા બોરુ પાસે આવેલા મીઠાના ઉદ્યોગનું નિદર્શન અને નડાબેટ સીમાદર્શન તેમજ રીસ્ટ્રીટને નિહાળવાનો લ્હાવો લીધો હતો. આ શૈક્ષણિક પ્રવાસમાં કુલ ૫૪ વિદ્યાર્થિઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કૉલેજના આચાર્યશ્રી ડૉ. રાકેશ રાવના માર્ગદર્શન હેઠળ આ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

## મતદાતા જાગૃતિ



સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, પોશીના ખાતે એન.એસ.એસ અંતર્ગત વિદ્યાર્થીઓ મતદાનનું મહત્ત્વ સમજે, આગામી ચૂંટણીમાં મતદાતાઓની ભાગીદારી વધે એ હેતુથી તા.૦૨/૧૧/૨૦૨૩ને મંગળવારના રોજ 'મતદાતા જાગૃતિ કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજનાં આચાર્ય ડૉ. જયશ્રી પી. જોષી એ લોકશાહી, ભારતમાં ચૂંટણી મતદાર યાદી, મતદાનનું મહત્ત્વ જેવા મુદાઓ વિશે માહિતી આપી હતી. અતિથિ વિશેષ નાયબ મામલતદારશ્રી કનુભાઈ પંડયા એ રજિસ્ટ્રેશન એપ, ચૂંટણી, મતદાન વગેરે વિશે માહિતી આપી હતી. કાર્યક્રમ સબંધિત વિડીઓ પણ બતાવવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રોગ્રામ ઓફિસર પ્રા. જીજ્ઞેશભાઈ કે. ગામીત દ્વારા કરવામાં આવ્યું હતું.

## મુલાકાત



❊ સરકારી વિનયન અને વાણિજ્ય, કૉલેજ, પોશીનાના વિદ્યાર્થીઓએ સ્ટોન આર્ટિસન પાર્ક ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યુટ, અંબાજીની મુલાકાત તા.૧૯/૧૦/૨૦૨૩ના રોજ યોજવામાં આવી હતી. આ મુલાકાતમાં કૉલેજના ૨૭ વિદ્યાર્થી ભાઈ– બહેનો તથા ૩ અધ્યાપકો જોડાયા હતા. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને ત્યાં ચાલતા વિવિધ રોજગાર લક્ષી કોર્ષ વિશે માહિતી તથા પથ્થરોના વિવિધ પ્રકારો વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત SAPTIમાં ઉપલબ્ધ વિવિધ મશીનરી તથા તે મશીનરી દ્વારા પથ્થરમાંથી બનતા જુદા– જુદા નમુના દર્શાવવામાં આવ્યા હતા. આ મુલાકાતના અંતે તેમની સંસ્થાના વિદ્યાર્થીઓએ બનાવેલ વિવિધ કલાકૃતિઓના પ્રદર્શનો જોઈને પ્રોત્સાહિત બન્યા હતા.

❊ શ્રીમતી આર.આર.એચ પટેલ મહિલા આટ્ર્સ કૉલેજ, વિજાપુરમાં તા. ૩–૧૧–૨૦૨૩ના રોજ એન.એસ.એસ. વિભાગ દ્વારા મતદાતા જાગૃતિ અભિયાન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મહેસાણા જિલ્લાના ડેપ્યુટી ડી.ડી.ઓ. પશ્વિનીબેન રાઠોડ, વિજાપુર તાલુકાના મામલતદાર જસવંતભાઈ પટેલ, નાયબ મામલતદાર રાકેશભાઈ ચૌધરી, આશ એજ્યુકેશન ટ્રસ્ટના ટ્રસ્ટી અશોકભાઈ જે. પટેલ, કૉલેજના પ્રિ. ડૉ. સુરેશભાઈ એસ. પટેલ, તથા અધ્યાપકગણ ઉપસ્થિત રહ્યા હતા. પ્રિન્સીપાલશ્રીએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરીને કાર્યક્રમની રુપરેખા આપી હતી.

ડેપ્યુટી ડી.ડી.ઓ.શ્રીએ ઉપસ્થિત વિદ્યાર્થીઓને મતદાતાની ફરજો વિશે તથા સરકારશ્રી દ્વારા નવેમ્બર–ડિસેમ્બરમાં યોજાનાર મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અંગે અને ૧/૧/૨૦૨૪ સુધીમાં જેના ૧૮ વર્ષ પૂર્ણ થતા હોય તેમને ચૂંટણીકાર્ડ કઢાવવા માટે માહિતગાર કર્યા હતા. આ ઉપરાંત મતદાર જાગૃતિને લગતી ફિલ્મને પ્રોજેક્ટર ઉપર બતાવવામાં આવી હતી.

## વર્કશોપ



મહિલા આર્ટસ કૉલેજ વિદ્યાનગરી, હિંમતનગર ખાતે તા. ૨–૧૧–૨૦૨૩ ના રોજ નાયબ કલેક્ટર જયંત કિશોરના અધ્યક્ષ સ્થાને કોલેજના પ્રિન્સિપાલ ડૉ. કનૈયાલાલ એલ. પટેલના માર્ગદર્શન અને પ્રેરણાથી મતદાન મારો અધિકાર છે તે વિષયને ચરિતાર્થ કરવા મતદાન જાગૃતિ અભિયાન વર્કશોપ યોજવામાં આવ્યો હતો. જેમાં હિંમતનગર નગરપાલિકાના ચીફ ઓફિસર અલ્પેશભાઈ પટેલ, ટી.ડી.ઓ. પિયુષભાઈ સિસોદિયા, નાયબ મામલતદાર (ચૂંટણી વિભાગ) મનુભાઈ દેસાઈ વગેરેની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. જેમને આ વિષય ઉપર વિગતે માર્ગદર્શન આપ્યું હતું કોલેજના પ્રિ. ડૉ. કે એલ. પટેલે સૌ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી કાર્યક્રમની ભૂમિકા રજૂ કરતા જણાવ્યું કે મતદાન આપનો અધિકાર છે અને એ અધિકાર ને આપણે આપણી લોકશાહીની સાથી જાળવણી કરીશું. કોલેજની સૌ વિદ્યાર્થીનીઓએ સંકલ્પ કર્યો હતો કે અમે અમારો મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહીની જાળવણી કરીશું. કાર્યક્રમનું સંચાલન પ્રો. ડૉ. એ.એસ. પટેલ અને આભારવિધિ પ્રો ડૉ. પી.એચ. પટેલે કરી હતી. સંસ્થાના પ્રમુખ ડૉ. ડી.એલ.પટેલ અને ટ્રસ્ટીશ્રી મહેન્દ્રભાઈ પટેલે આયોજકોને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## શિબિર




ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ હસ્તકની ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી એન. એસ. એસ. ગાંધીનગર દ્વારા શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા ખાતે તા. ૨ થી ૮, નવેમ્બર, ૨૦૨૩ દરમિયાન રાષ્ટ્રીય એકતા શિબિરનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં શામળાજી કૉલેજની વિદ્યાર્થિની પાંડોર રોશનીબેને ભાગ લીધો હતો અને કૉલેજનું ગૌરવ વધાર્યું હતું. જેને કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. એ. કે. પટેલ અને મંત્રી દિલીપભાઈ કટારાએ શુભેચ્છાઓ પાઠવી હતી. તેમજ તમામ સ્ટાફમિત્રોએ આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

## સ્વચ્છતા અભિયાન



✻ શ્રીમતી આનંદીબેન શંકરભાઇ ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કોલેજ, મહેસાણામાં ‘સ્વચ્છતા હી સેવા’ કાર્યક્રમ અંતર્ગત કોલેજ કેમ્પસ સફાઇ અભિયાન હાથ ધરવામાં આવ્યું. કોલેજના એન.એસ.એસ. વિભાગ દ્વારા એન.એસ.એસ.ની વિદ્યાર્થિનીઓએ કોલેજના રૂમો લોબી, બગીચો અને સમગ્ર કેમ્પસની સફાઇ કરેલ હતી. જેમાં એન.એસ.એસ.ની ૪૫ વિદ્યાર્થિનીઓ જોડાઇ હતી. આ કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. રમણભાઇ સોલંકી તથા ડૉ. સવિતાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના સુંદર આયોજન બદલ કોલેજના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. સુનિતાબેન સુપહિયાએ અભિનંદન આપ્યા હતાં.



✻ શ્રીમતી આર.એમ. પ્રજાપતિ આર્ટ્સ કોલેજ, સતલાસણાના રાષ્ટ્રીય સેવા યોજના યુનિટ એક અને બે દ્વારા ગાંધી જયંતિના અનુસંધાને સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ યોજાયો હતો. કોલેજના એન.એસ.એસ. ના વિદ્યાર્થીઓ દ્વારા કોલેજ કેમ્પસમાંથી સફાઇ અભિયાન દ્વારા કચરો દૂર કર્યો હતો. સાથે સાથે કોલેજના પ્રવેશદ્વાર બહાર અંબાજીની પદયાત્રા પછી રોડ પર થયેલ કચરો અને પ્લાસ્ટિક દૂર કરવામાં આવ્યું હતું. પ્રિ. ડૉ. જયેશભાઇ બારોટના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું આયોજન પ્રોગ્રામ ઓફીસર પ્રો. ડૉ. શૈલેષ જોષી તથા પ્રો. ડૉ. માલાબેન ગામીતે કર્યું હતું.




✻ સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, પોશીના ખાતે

એન.એસ.એસ અને સ્વચ્છતા હી સેવા હેઠળ પોશીના ગામની સામૂહિક સફાઈ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમા વિદ્યાર્થીઓ સ્વચ્છતાનું મૂલ્ય સમજે, સફાઈ કાર્ય પ્રત્યેની જાગૃતિ આવે એવા આશયથી તા.૧૬/૧૦/૨૦૨૩ને સોમવારે પોશીના ગામમાં સામૂહિક સફાઈનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ સામૂહિક સફાઈમાં પોશીના ગામના રસ્તા સામૂહિક આરોગ્ય કેન્દ્ર, તાલુકા પંચાયત આસ પાસના પરિસરની સફાઈ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ અંદાજે ૧૩ કિલો કચરો જુદા-જુદા સ્થળોએ ભેગો કરી તેનો યોગ્ય રીતે નિકાલ કર્યો હતો. આચાર્યશ્રી,અધ્યાપકો અને ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને સામૂહિક સફાઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



✻ શ્રીમતી આર.એમ. પ્રજાપતિ આર્ટ્સ કૉલેજ, સતલાસણામાં એન.એસ.એસ. યુનિટના વિદ્યાર્થીઓ દ્વારા તા.૧૯-૧૦-૨૦૨૩ ના રોજ દાંતા તાલુકાના ભેમાળ ગામે સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ યોજાયો. જે અંતર્ગત વિદ્યાર્થીઓએ ભેમાળ ગામમાં જઈને સરપંચશ્રી, પ્રાથમિક શાળાનો સ્ટાફ તથા ગ્રામજનો સાથે મળીને ગામનાં ધાર્મિક સ્થળે, પ્રાથમિક શાળા તથા રસ્તાઓ પર સફાઈ કરી હતી. જેમાં સર્વે ગ્રામજનોનો સહયોગ પ્રાપ્ત થયો હતો.





✻ સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ગાંભોઈ ખાતે સ્વચ્છતા પખવાડા અને સ્વચ્છતા હી સેવાના ભાગરૂપે, મહાત્મા ગાંધીને તેમની જન્મ જયંતિની પૂર્વસંધ્યાએ શ્રદ્ધાંજલી રૂપે તા. ૦૧/૧૦/૨૦૨૩ના રોજ રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત સવારે ૧૦.૦૦ કલાકે સામુહિક સ્વચ્છતામાં શ્રમફાળો આપવા અત્રેની કોલેજમાં સ્વચ્છતા અને સફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત કોલેજના વિદ્યાર્થીઓ અને અધ્યાપકશ્રીઓએ કોલેજના પ્રાંગણ અને મેદાનની સફાઈ કરી હતી. તેમજ તેઓને પોતાના ઘર અને ગામને પણ સ્વચ્છ રાખવા માટે આચાર્યશ્રી દ્વારા કહેવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનુ આયોજન કોલેજના આચાર્યશ્રી ડૉ. તૃષા આર. દેસાઈના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સમગ્ર કોલેજ પરિવારે મહત્ત્વનો ફાળો આપ્યો હતો.







✻ સ્વ. એસ. એચ. જોષી અને બી. કે. જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, બામણામાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત પ્રિન્સિપાલ ડૉ. એન. આર. જોષીના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસના સ્વયંસેવકો દ્વારા 'મારી કૉલેજ સ્વચ્છ કૉલેજ'ના ભાગરૂપે કેમ્પસ સફાઈ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં એન.એસ.એસ યુનિટના સ્વયંસેવકો દ્વારા કેમ્પસ સફાઈ કરવામાં આવી હતી. જેમાં કૉલેજનો શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ અને ૫૦ જેટલા સ્વયંસેવક મિત્રોએ ભાગ લીધો હતો અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા.બ્રીજેશભાઈ વી. પંચાલે કર્યું હતું. સમગ્ર સ્ટાફે કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.



✻ શામળાજીમાં એન.એસ.એસ. યુનિટ દ્વારા સ્વચ્છતા ઝુંબેશ અંતર્ગત સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું. મહાત્મા ગાંધીજીને શ્રદ્ધાંજલિ ના ભાગરૂપે ઓક્ટોબર મહિના દરમિયાન સફાઈ ઝુંબેશ ચલાવવાની હતી જેમાં શામળાજી કૉલેજનું એન.એસ.એસ. યુનિટ અને તેના સ્વયંસેવક મિત્રોએ સ્વચ્છતા જ સેવાને સાર્થક કરતા કૉલેજના કલાસરૂમ, ટોયલેટ સફાઈ, કેમ્પસ સફાઈ કરીને સ્વચ્છતાનો સંદેશો આપ્યો હતો. સાથે સાથે વિદ્યાર્થી મિત્રોએ પોતાના જીવનમાં સ્વચ્છતાને જ અગ્રિમતા આપો અને જયા ત્યાં ગંદકી નહી કરે એવો પ્રણ લઈને આ સફાઈ અભિયાનમાં ખંતથી મંડી પડ્યા હતા. પ્રિન્સિપાલ શ્રી ડૉ. એ.કે પટેલના માર્ગદર્શન હેઠળ પ્રોગ્રામ ઓફિસર ડૉ. ભરત પટેલ અને ડૉ. જાગૃતિ પટેલ દ્વારા સ્વયંસેવકોને સાથે લઈને સફાઈ ઝુંબેશ ઉપાડવામાં આવી હતી.

## સ્પર્ધા

✻ સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, પોશીના ખાતે એન.એસ.એસ. અને સપ્તધારા અંતર્ગત રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીના ભાગરૂપે તા. ૩૦/૧૦/૨૦૨૩ના રોજ સરદાર પટેલ જીવન પરિચય, રાષ્ટ્રીય એકતા દિવસ શપથ અને સૂત્ર લેખન



સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજનાં આચાર્યા જયશ્રી પી. જોષી અને પ્રોગામ ઓફિસર જીજ્ઞેશ ગામીતે સરદાર પટેલનો પરિચય કરાવ્યો હતો. ત્યારબાદ રાષ્ટ્રીય એકતા દિવસની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે ‘એકતા’ વિષય પર સૂત્ર લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૯ વિદ્યાર્થીઓને ભાગ લીધો હતો.



✼ સાયન્સ એન્ડ કોમર્સ કૉલેજ, સતલાસણા દ્વારા એન.એસ.એસ. દિવસની ઉજવણીના ભાગરૂપે તારીખ ૨૫/૦૯/૨૦૨૩ના રોજ કૉલેજમાં વિવિધ સ્પર્ધાઓ જેવી કે વકતૃત્વ, નિબંધ, ચિત્ર, રંગોળી સ્પર્ધાઓનું આયોજન કાર્યકારી આચાર્ય ડૉ. ભાવિકભાઈ કે. પટેલના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. ઋષિકેશ એન.જોષી અને સમગ્ર સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું. જેમાં અલગ અલગ સ્પર્ધાઓમાં ૪૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા અને દરેક સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર આપવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું એન્કરિંગ સાયન્સ વિભાગના પ્રોફેસર અક્ષયનભાઈ સથવારા દ્વારા કરવામાં આવ્યું હતું.

✼ શ્રી કે.આર. કટારા આર્ટ્સ કોલેજ, શામળાજીમાં સંસ્કૃત ભારતી દ્વારા યોજાતી ‘સંસ્કૃત ગૌરવ પરીક્ષા -૨૦૨૩’ માં પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ વિદ્યાર્થીઓએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો.



પ્રિ.ડૉ. એ. કે.પટેલના માર્ગદર્શન તળે ચાલતી આ પ્રવૃત્તિના સંવાહક ડૉ.સંજય પંડ્યાએ આયોજન કર્યું હતું. પરીક્ષા સંદર્ભે ડૉ.વર્ષાબેન પટેલ અને ડૉ. ઉર્વશીબેન પટેલે યોગ્ય દાયિત્વ પૂરું પાડ્યું હતું. ડૉ. સમીર પટેલે પ્રોત્સાહન અને પ્રેરણા પૂરા પાડ્યા હતાં. આ પ્રકારના ઉપક્રમ માટે મંત્રી દિલીપભાઇ કટારાએ સંસ્કૃતના અધ્યાપકોને અભિનંદન આપી, સ્વકીય પ્રસન્નતા વ્યક્ત કરી હતી.



✼ મણિબેન એમ. પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડીમાં તા. ૨૧.૧૨.૨૦૨૩ ના રોજ કુકીંગ સ્પર્ધા યોજાઇ ગઈ. જેમાં ૧૨ જેટલી વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે દેત્રોજા ધ્રુવી (એમ. એ. સેમ-૨) તથા ઉપાધ્યા સ્તુતિ (બી. એ. સેમ-૪) તેમજ દ્વિતીય ક્રમે પ્રજાપતિ મેઘના (બી. એ. સેમ-૬) તથા સોલંકી જીયા (બી. એ. સેમ-૪) વિજેતા રહ્યા હતા. સમગ્ર સ્પર્ધાનું સંચાલન પ્રા. ભારતીબેન પ્રજાપતિએ પ્રિન્સિપાલ ડો. હિનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ સુચારું રીતે કર્યું હતું.

## સબરસ

પતિ-પત્ની વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ.

કલાકો સુધી તુ-તુ મેં-મેં થઈ પછી પત્નીએ કહ્યું : બોલો તમે જીતવા માગો છો કે પછી સુખી રહેવા માગો છો.

HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Hemchandracharya North Gujarat University, Patan

P.B.21, University Road, Patan - 384265 • Phone : +91 2766 237000, 220932, 230529 • Visit us at : www.ngu.ac.in • Email : udichyahngu@gmail.com

**Editor : Dr. Rajanikant Patel** (University Librarian), **Dr. Chanduji Thakor**

**Published by : Dr. K. K. Patel** I/c. Registrar

Printed by : **Vinod Printery,** Nr. Three Gate, **Patan.** • Mo. 9898576011

R.N.I. No. 48820/90, Valid up to 31-12-2026, Posting Reg. No. G/PTN/42, Office of Posting : PATAN H.P.O.

વ્યક્તિગત વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/- કૉલેજનું વાર્ષિક લવાજમ રૂા. ૬૦૦/-